**નડિયાદ મહાનગરપાલિકાના ખુલાસાને હાર્દિક ભટ્ટે રાજકીય દબાણ હેઠળનો ગણાવ્યો**

# નડિયાદ મનપાના પીએફ કૌભાંડમાં ડેપ્યુટી કમિશનરના ખુલાસા સામે કોંગ્રેસના આક્ષેપો

**ડેપ્યુટી કમિશનર** આનંદ ઉકાણીએ ભ્રષ્ટાચારના આક્ષેપોને નકારી કાઢ્યા

(પ્રતિનિધિ) નડિયાદ, તા.5

નડિયાદ પાલિકામાં વર્ષ 2011થી કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ જમા ન કરાવવાના મામલે ભારે ગરમાવો આવ્યો છે. ડેપ્યુટી કમિશનર આનંદ ઉકાણીએ પ્રેસ કોન્ફરન્સ યોજી ભ્રષ્ટાચારના આક્ષેપોને નકારી કાઢ્યા હતા, જેની સામે નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટે અધિકારીઓ રાજકીય દબાણ હેઠળ જૂઠું બોલી રહ્યાનો આક્ષેપ કર્યો છે.

નડિયાદ નગરપાલિકા અને હવે મહાનગરપાલિકામાં કર્મચારીઓના હક્કના નાણાં બાબતે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. ભ્રષ્ટાચારના આક્ષેપો બાદ ડેપ્યુટી કમિશનર આનંદ ઉકાણીએ સ્પષ્ટતા કરી હતી કે, ભૂતકાળમાં કર્મચારીઓના પગારમાંથી પીએફની કોઈ કપાત કરવામાં આવી નહોતી, તેથી ભ્રષ્ટાચાર કહી શકાય નહીં. હાલમાં 2011થી જે કર્મચારીઓના પીએફ ભરવાના બાકી છે, તેની ગણતરી અને વહીવટી પ્રક્રિયા ચાલુ છે. સરકારની 2017થી 2025 સુધીની યોજનાનો લાભ લેવા માટે પણ તંત્ર પ્રયત્નશીલ છે. જોકે, કેટલા કર્મચારીઓનું કેટલું પીએફ ? બાકી છે તેના આંકડા આપવાનું ટાળ્યું હતું.

બીજી તરફ, કોંગ્રેસ નેતા હાર્દિક ભટ્ટે આ ખુલાસાને પાયાવિહોણો ગણાવતા જણાવ્યું હતું કે, અધિકારીએ પોતે જ સ્વીકાર્યું છે કે પીએફ ભરાયું નથી, જે સૌથી મોટો પુરાવો છે. સરકારના નોટિફિકેશન બતાવીને આક્ષેપ કર્યો હતો કે, વર્ષ 2011માં જ્યારે પીએફ નંબર લાગ્યો ત્યારે 45થી 55 કર્મચારી હતા, જે આજે ચોપડે માત્ર 13 જ બતાવાય છે. સિક્યુરિટી, સફાઈ અને રોડ કોન્ટ્રાક્ટના શ્રમિકોને લઘુત્તમ વેતન પણ મળતું નથી અને તેમના પીએફમાં પણ મોટાપાયે ગોલમાલ થઈ છે. તેમણે ચિમકી આપી હતી કે જો આ અંગે શ્વેતપત્ર જાહેર નહીં કરે અને જવાબદાર અધિકારીઓ સામે પગલાં નહીં ભરે તો આ લડત હાઈકોર્ટ સુધી લઈ જવામાં આવશે. વધુમાં ઉમેર્યુ હતુ કે, ડે. કમિશ્નર રાજકીય દબાણવશ થઈ અને લૂલો બચાવ કરી રહ્યા છે અને સત્યથી વિપરીત વાત કરી રહ્યા છે. ડે. કમિશ્નરે આ પ્રકારના રાજકીય દબાણમાં આવ્યા વગર જે હકીકત છે તે સ્વીકારી કર્મચારીઓના હિતમાં કામગીરી કરવી જોઈએ અને જો તે સાચા હોય તો જાહેરમાં હિસાબ લઈને આવી જાય અમે સામે પુરાવા રજૂ કરીશુ. અમારો હેતુ માત્ર કર્મચારીઓને ન્યાય મળે તે જ છે.

**નિવૃત્ત કર્મચારીઓનું ભાવિ અધ્ધરતાલ**

તંત્ર પાસે નિવૃત્ત થયેલા કે મૃત્યુ પામેલા કર્મચારીઓના પી.એફ. ચૂકવવા અંગે કોઈ સ્પષ્ટ રોડમેપ નથી. ડેપ્યુટી કમિશનરે માત્ર એટલું જ કહ્યું કે ઈપીએફઓ સાથે ચર્ચા કરીને નિર્ણય લેવાશે, પરંતુ વર્ષોથી રાહ જોતા નિવૃત્તોને ક્યારે ન્યાય મળશે તે પ્રશ્ન અનુત્તર છે.

**મોટા ખાનપુરમાં ચાડિયા પર્વની ધામધૂમથી ઉજવણી કરાઇ**



મહિસાગર જિલ્લાના મોટા ખાનપુર ગામમાં પરંપરાગત ચાડિયા પર્વની આનંદ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઢોલ, ત્રાંસા અને શરણાઈના મધુર સૂરો વચ્ચે ધાર્મિક અને સાંસ્કૃતિક માહોલ સર્જાયો હતો. આ પ્રસંગે ગામના આગેવાનો, યુવાનો અને વડીલોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પરંપરાગત રીતરિવાજો અનુસાર પર્વની ઉજવણી કરી હતી. આ પર્વના માધ્યમથી ગામમાં એકતા અને ભાઈચારાની ભાવના વધુ મજબૂત બની હતી અને સમગ્ર વાતાવરણ હર્ષોલ્લાસમાં ગરકાવ થઈ ગયું હતું. **તસવીર : ગીરીશ પંચાલ**

# સંતરામપુર પાલિકાની બેદરકારી લાઈનમાં લીકેજથી પાણીનો વ્યય

**રજૂઆતો છતાં** તંત્ર નિંભર, જળ હોનારત વચ્ચે વેડફાતા પાણીથી રહીશોમાં રોષ

(પ્રતિનિધિ) સંતરામપુર તા.3

સંતરામપુર પાલિકા વિસ્તારમાં આવેલા શિકારી ફળિયામાં પાલિકાની ગંભીર બેદરકારી સામે આવી છે. અહીં શિકારીની ધંટી પાસે પાણી પુરવઠાની મુખ્ય પાઈપલાઈનમાં લાંબા સમયથી મોટું લીકેજ હોવા છતાં તંત્ર દ્વારા તેનું સમારકામ કરવામાં આવતું નથી, જેના કારણે પાણીનો બગાડ થઈ રહ્યો છે.



સંતરામપુર નગરપાલિકા દ્વારા શહેરના રહીશો પાસેથી બારેય માસનો પાણી વેરો પૂરેપૂરો વસૂલવામાં આવે છે, પરંતુ તેની સામે નગરજનોને નિયમિત પાણી પૂરું પાડવામાં આવતું નથી. હાલમાં નગરજનોને એકાંતરે દિવસે (આંતરે દિવસે) પાણી આપવામાં આવે છે, જેના કારણે લોકોને પાણીની ખેંચ અને તંગીનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ પીવાના પાણી માટે લોકો વલખાં મારી રહ્યા છે, ત્યારે બીજી તરફ પાઈપલાઈનના લીકેજથી પાણી રસ્તા પર વહી રહ્યું છે.

સંતરામપુરના શિકારી ફળિયાના રહીશોએ આ લીકેજ બાબતે પાલિકામાં અનેકવાર રજૂઆતો કરી છે, પરંતુ આ બાબતે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. આ આળસુ નીતિ અને બેદરકારીને કારણે સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ અને પરેશાની જોવા મળી રહી છે. આ લીકેજ પાઈપલાઈનનું ત્વરિત સમારકામ કરવામાં આવે જેથી પાણીનો થઈ રહેલો બગાડ અટકે. આ સાથે જ નગરપાલિકા દ્વારા પાણી પુરવઠા યોજના હેઠળ નગરજનોને રોજેરોજ નિયમિત પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવી માગ ઉઠી છે.

# વીરપુર પાસે પીકઅપની હડફેટે બાઈકચાલકનું મોત

**પત્ની** સાથે નુરપુર જઈ રહેલા શાળાના વોચમેન જિંદગીનો જંગ હારી ગયા

(પ્રતિનિધિ) વીરપુર તા.5

વીરપુરની ડિવાઈન સ્કૂલમાં વોચમેન તરીકે ફરજ બજાવતા 48 વર્ષીય મંગળભાઈ ઠાકોરનું ગમખ્વાર અકસ્માતમાં મોત નિપજ્યું છે.

વીરપુરની ડિવાઈન સ્કૂલમાં છેલ્લા સાત વર્ષથી વોચમેન તરીકે ફરજ બજાવતા મંગળભાઈ ઠાકોર અને તેમના પત્ની 2જી માર્ચના રોજ બાઈક પર નુરપુર જઈ રહ્યા હતા. આ દરમિયાન વીરપુરથી નુરપુર માર્ગ પર આવેલા વરધારા પેટ્રોલ પંપ પાસે સામેથી પૂરપાટ ઝડપે ધસી આવતા પીકઅપ ડાલા (નંબર GJ 35 T 5248) ના ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં મંગળભાઈને કપાળ અને ડાબા પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે તેમના પત્નીને પણ નાની-મોટી ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્ત દંપતીને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે વીરપુર સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ લુણવાડાની આયુષ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, મંગળભાઈની હાલત અત્યંત ગંભીર હોવાથી તેમને વધુ સારવાર માટે મોડાસા લઈ જવામાં આવી રહ્યા હતા, પરંતુ કમનસીબે રસ્તામાં જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. આ ઘટના અંગે મૃતકના ભત્રીજા દિનેશભાઈ ઠાકોરે પીકઅપ ચાલક વિરુદ્ધ વિરપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

**કલેક્ટર કચેરીમાં અરજી દફતરે થયા બાદ કોર્ટના આદેશથી કાર્યવાહી**

# ખંભાતમાં બે શખસે 50 વર્ષથી મકાન પચાવી પાડ્યું

**ખંભાત સિટી પોલીસે** પચાવી પાડનારા બે શખ્સો સામે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) ખંભાત તા.5

ખંભાત શહેરમાં સિટી સર્વે નંબર 2-1092 વાળી કિંમતી મિલકત પર છેલ્લા પાંચ દાયકાથી ગેરકાયદેસર રીતે કબજો જમાવી બેઠેલા પિતા-પુત્ર સામે આખરે કાયદાનો ગાળિયો કસાયો છે. અગાઉ લેન્ડ ગ્રેબિંગ કમિટી દ્વારા અરજી દફતરે કરવામાં આવી હોવા છતાં, અરજદારે હિંમત હાર્યા વગર સ્પેશિયલ લેન્ડ ગ્રેબિંગ કોર્ટમાં ધા નાખતા કોર્ટે ક્રિમિનલ ઈન્ક્વાયરીનો આદેશ આપ્યો હતો, જેના આધારે ખંભાત સિટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સૂત્રોના જણાવ્યાનુસાર, ફારૂકભાઈ રસુલભાઈ રંગરેજની માલિકીનું આ રહેણાંક મકાન વર્ષો પહેલા તેમના દાદાએ માનવતાના ધોરણે મોહમંદભાઈ હુસેનભાઈ શેખને રહેવા માટે આપ્યું હતું. જોકે, તેમના અવસાન બાદ શેખ મહેમુદભાઈ કાલુભાઈ અને તેમના પુત્ર શેખ મોહંમદવસીમે આ મિલકત પચાવી પાડી હતી. આક્ષેપ છે કે, આરોપીના સંબંધી પૂર્વ કાઉન્સિલર હોવાથી રાજકીય વગનો ઉપયોગ કરી નગરપાલિકાના આકારણી પત્રકોમાં પણ આધારભૂત દસ્તાવેજો વિના ખોટા નામો દાખલ કરાવી દેવાયા હતા.

આ અંગે માર્ચ 2024માં આણંદ કલેક્ટરને લેન્ડ ગ્રેબિંગ હેઠળ અરજી કરી હતી, પરંતુ કમિટીએ કોઈ કાર્યવાહી કર્યા વિના અરજી દફતરે કરી દીધી હતી. અંતે અરજદારે ડિસ્ટ્રિક્ટ સેશન્સ કોર્ટ (સ્પેશિયલ લેન્ડ ગ્રેબિંગ કોર્ટ) સમક્ષ દાદ માંગતા કોર્ટે પોલીસ ફરિયાદ નોંધવાનો આદેશ આપ્યો હતો.

આણંદ કલેક્ટરે ફાઈલ કરેલી અરજી બાદ કોર્ટના દ્વાર ખખડાવતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદના માત્ર 22 વર્ષની નાની વયના અંશ ખખ્ખરે સી.એ. ની પ્રતિષ્ઠિત ડીગ્રી મેળવી

**આણંદ |** આણંદમાં શિક્ષણ સાથે સંકળાયેલા હરેશભાઈ ખખ્ખરના પુત્ર



અંશ ખખ્ખરે જાન્યુઆરી 2026માં લેવાયેલી સી.એ. ફાઈનલ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી છે.માત્ર 22 વર્ષની નાની વયે ચાર્ટડ એકાઉન્ટન્ટ (સી.એ.)ની પ્રતિષ્ઠિત ડીગ્રી મેળવી છે.આણંદ જિલ્લામાં માં પ્રથમ ક્રમાંક મેળવીને સફળતા પ્રાપ્ત કરી છે.અંશ ખખ્ખરની આ નોંધપાત્ર સિદ્ધિથી ખખ્ખર પરિવાર તેમજ લોહાણા જ્ઞાતિનું ગૌરવ વધાર્યું હતું. તેમની આ સફળતા યુવાનો માટે પ્રેરણારૂપ બની છે.

### વિદ્યાનગરની બીવીએમની વિદ્યાર્થિની અરુણિકા ઘોષે ચેસમાં વેસ્ટ ઝોન ગોલ્ડ મેડલ જીત્યો




**આણંદ |** ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયની વિદ્યાર્થિની અરુણિકા ઘોષે જયપુર ખાતે યોજાયેલ GTU-AIU વેસ્ટ ઝોન ચેસ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી સુવર્ણચંદ્રક હાંસલ કર્યો છે. પશ્ચિમ ઝોનના 200 જેટલા વિદ્યાર્થીઓની સહભાગીતા ધરાવતી આ સ્પર્ધામાં અરુણિકાએ શાનદાર પ્રદર્શન કરી સંસ્થાનું નામ રોશન કર્યું છે. પ્રિન્સિપાલ ડો. વિનય જે. પટેલે આ સિદ્ધિને બીવીએમ અને ચારુતર વિદ્યામંડળ માટે ગૌરવપૂર્ણ ગણાવી વિદ્યાર્થિનીને અભિનંદન પાઠવ્યા હતા. સીવીએમના અધ્યક્ષ એન્જિનિયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારોએ પણ અરુણિકાની આ ઝળહળતી સફળતાને બિરદાવી શુભકામનાઓ પાઠવી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કૃષિ યુનિ. ખાતે આંતર યુનિવર્સિટી સ્ટાફ ટુર્નામેન્ટ સંપન્ન: વોલીબોલમાં આણંદ ચેમ્પિયન બન્યું




**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટીના યજમાનપદે ગુજરાતની વિવિધ કૃષિ યુનિવર્સિટીઓના કર્મચારીઓ માટે બે દિવસીય રમતગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિ ડો. કે.બી. કથીરીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ ટુર્નામેન્ટમાં ક્રિકેટ, વોલીબોલ, બેડમિન્ટન અને ચેસ જેવી વિવિધ રમતોમાં કર્મચારી ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં આણંદ યુનિવર્સિટી વોલીબોલમાં ચેમ્પિયન બની હતી, જ્યારે દાંતીવાડા યુનિવર્સિટી ક્રિકેટમાં અને નવસારી યુનિવર્સિટી મહિલા વિભાગની બેડમિન્ટન-ટેબલ ટેનિસ સ્પર્ધાઓમાં વિજેતા રહી હતી.

### સ્ટીલ એક્સચેન્જ ઇન્ડિયા લિમિટેડ 350 કરોડ એકત્ર કરશે, આઇએમઆર ગ્રુપનું 300 કરોડનું વ્યૂહાત્મક રોકાણ, સ્ટીલ સેક્ટરમાં વૃદ્ધિને મળશે વેગ

**વડોદરા |** સ્ટીલ એક્સચેન્જ ઇન્ડિયા લિમિટેડ (SEIL) એ પ્રેફરન્શિયલ ઇશ્યુ દ્વારા 350 કરોડ એકત્ર કરવાની યોજના જાહેર કરી છે. આ યોજના હેઠળ સ્વિટ્ઝર્લેન્ડના અગ્રણી આઈએમઆર (IMR) ગ્રુપ દ્વારા કંપનીમાં 300 કરોડનું વ્યૂહાત્મક રોકાણ કરવામાં આવશે. આ મૂડી રોકાણ આઈએમઆરની ભારતીય સંસ્થાઓ ICPPL અને ISPL દ્વારા શેર વોરંટ મારફતે થશે. આ ભંડોળથી SEIL ના કાર્યો મજબૂત બનશે અને કંપનીના દેવા માળખામાં સુધારો થશે. 17થી વધુ દેશોમાં કાર્યરત આઈએમઆર ગ્રુપ વૈશ્વિક સ્તરે માઇનિંગ અને સ્ટીલ પ્રોડક્શન ક્ષેત્રે મોટું નામ ધરાવે છે. આ ભાગીદારીથી SEIL ને કોકિંગ કોલ અને ફેરસ સ્ક્રેપ જેવા કાચા માલના વૈશ્વિક સોર્સિંગનો સીધો લાભ મળશે. આઈએમઆરના ચેરમેન અનિરૂદ્ધ મિશ્રાએ જણાવ્યું કે આ રોકાણ ભારતીય સ્ટીલ સેક્ટરમાં તેમની વૃદ્ધિ વ્યૂહરચનાનો ભાગ છે. SEIL ના જોઈન્ટ એમડી બંદી સુરેશ કુમારે આ ભાગીદારીને વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવા માટે મહત્વની ગણાવી છે. આ મૂડી રોકાણ કંપનીને બજારમાં ઝડપી વૃદ્ધિ અને વિસ્તરણ માટે તૈયાર કરશે.

### ભાઈકાકા યુનિવર્સિટીમાં નર્સિંગના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ અને તેજસ્વીઓનું સન્માન

**આણંદ |** ભાઈકાકા યુનિવર્સિટી સંલગ્ન નર્સિંગ સંસ્થાઓના બી.એસ.સી. અને જી.એન.એમ. બેચના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ મુખ્ય અતિથિ દાતા મહેશભાઈ પાઠક અને તેમના પત્નીની



પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે દાતા દ્વારા શૈક્ષણિક ઉત્તમતાને પ્રોત્સાહન આપવા માટે રૂ.51 લાખથી વધુનું માતબર દાન આપી 'ડો. મહેશ પાઠક એન્ડોમેન્ટ ફંડ'ની સ્થાપના કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીનીઓ ખુશ્બુ પુનિયા અને માનસી કાપડિયાને 'બેસ્ટ સ્ટુડન્ટ' જાહેર કરી પ્રત્યેકને રૂ. દસ હજારના કેશ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રિન્સિપાલ પ્રો. શેની થોમસે વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

### એનએસપટેલ આટ્ર્સ કોલેજમાં 'પ્રોફેશનલ સોશિયલ વર્કના ભારતીયકરણ' પર રાષ્ટ્રીય સેમિનાર સંપન્ન

**આણંદ |** સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એસ. પટેલ આટ્ર્સ કોલેજના સમાજ કાર્ય વિભાગ દ્વારા "Indianization of Professional Social Work" વિષય પર દ્વિ-દિવસીય રાષ્ટ્રીય



સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય સામાજિક કાર્યના ક્ષેત્રમાં ભારતીય પરંપરા, આધ્યાત્મિકતા અને સ્વદેશી જ્ઞાન આધારિત અભિગમને વેગ આપી આધુનિક સામાજિક કાર્ય સાથે તેનો સેતુ મજબૂત કરવાનો હતો. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ પ્લેનરી સેશન્સમાં નિષ્ણાતો દ્વારા NEP-2020, પંચાયતી રાજ અને માનસિક આરોગ્ય જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા દેશભરના સંશોધકોએ પોતાના સંશોધન પત્રો રજૂ કર્યા હતા.

### એસપી યુનિ.માં ડિજિટલ સાર્વભૌમત્વ અને એઆઇ ગવર્નન્સ પર નિષ્ણાત વ્યાખ્યાન યોજાયું

**આણંદ |** વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્ર વિભાગ દ્વારા 'શ્રી આઈ.એ. શેરથા લેક્ચર સિરીઝ'



અંતર્ગત ભારતમાં ડિજિટલ સાર્વભૌમત્વ અને એઆઈ ગવર્નન્સ વિષય પર વિશેષ વ્યાખ્યાન યોજાયું હતું. મુખ્ય વક્તા ડો. હિમાબિંદુએ આઈટી નિયમો, ડિજિટલ ઇન્ડિયા અને સ્વદેશી ટેક્નોલોજીકલ પ્લેટફોર્મ્સ દ્વારા ભારતની વધતી ક્ષમતાઓ વિશે ઊંડાણપૂર્વક સમજણ આપી હતી. તેમણે એઆઈના વિકાસમાં પારદર્શિતા, ડેટા સુરક્ષા અને નૈતિક ગવર્નન્સની આવશ્યકતા પર ભાર મુક્યો હતો. આ શૈક્ષણિક કાર્યક્રમમાં વિભાગના વડા ડો. વસંત પટેલ, અધ્યાપકો સહિત મોટી સંખ્યામાં રિસર્ચ સ્કોલર્સ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ચારુસેટ સંલગ્ન CMPICAમાં વાલી સંમેલન યોજાયું: 215થી વધુ વાલીઓની પ્રેરક ઉપસ્થિતિ

**આણંદ |** ચાંગાની ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન CMPICA દ્વારા વિદ્યાર્થીઓના ભાવિ ઉત્કર્ષ અને શૈક્ષણિક વિકાસ માટે વાલી સંમેલનનું



આયોજન કરાયું હતું. આ સંમેલનમાં 215થી વધુ વાલીઓએ ઉપસ્થિત રહી NEP, પ્લેસમેન્ટ સ્ટેટસ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અંગે પ્રોફેસરો સાથે સકારાત્મક વિચાર-વિમર્શ કર્યો હતો. વાલીઓએ ક્લાસ કાઉન્સીલરો સાથે વન-ટુ-વન સંવાદ કરી વિદ્યાર્થીઓની હાજરી અને પરિણામની સમીક્ષા કરી સંસ્થાની શૈક્ષણિક કામગીરીની પ્રશંસા કરી હતી. ઉલ્લેખનીય છે કે, MCA, BCA અને Ph.D. જેવા વિવિધ આઈટી અભ્યાસક્રમોમાં 2000થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

### સુપ્રીમ પાવર ઇક્વિપમેન્ટ લિમિટેડે નવી હાઇ-કેપેસિટી ટ્રાન્સફોર્મર મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી શરૂ કરી

**વડોદરા |** સુપ્રીમ પાવર ઇક્વિપમેન્ટ લિમિટેડ (SPEL) એ તમિલનાડુના ચેન્નઈ નજીક હાઇ-કેપેસિટી ટ્રાન્સફોર્મર મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીમાં કોમર્શિયલ પ્રોડક્શન શરૂ કર્યું છે. આ નવી ફેસિલિટી 200 MVA અને 220 KV સુધીના પાવર ટ્રાન્સફોર્મર્સના ઉત્પાદન માટે સજ્જ છે, જેની વાર્ષિક ક્ષમતા 6,000 થી 6,500 MVA છે. આ નવા યુનિટ સાથે કંપનીની કુલ ઉત્પાદન ક્ષમતા હવે વધીને આશરે 9,000 MVA થઈ ગઈ છે. આ આધુનિક પ્લાન્ટમાં કંપનીએ 100 કરોડથી વધુનું જંગી રોકાણ કર્યું છે. પ્રોજેક્ટ માટેનું ભંડોળ IPO આવક, આંતરિક ઉપાર્જન અને દેવા જેવા સ્ત્રોતો દ્વારા પૂરું પાડવામાં આવ્યું છે. અગાઉ કંપની 110 KV સુધીના ટ્રાન્સફોર્મર્સ માટે 2,500 MVA ક્ષમતા ધરાવતી હતી. નવી સુવિધાથી હવે હાઈ વોલ્ટેજ અને વધુ ક્ષમતાવાળા ટ્રાન્સફોર્મર્સનું ઉત્પાદન શક્ય બનશે. આ વિસ્તરણ મોટા પાવર ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવાની કંપનીની ક્ષમતામાં વધારો કરશે. પાવર ટ્રાન્સમિશન ક્ષેત્રે વધતી માંગને જોતા આ રોકાણ અત્યંત મહત્વનું માનવામાં આવે છે. આનાથી બજારમાં કંપનીની સ્પર્ધાત્મકતા મજબૂત બનશે અને આવકમાં વૃદ્ધિની અપેક્ષા છે.

### ઉમરેઠમાં પર્યાવરણ અને ગૌસેવાનાં જતન માટે લાકડા વિનાની 'વૈદિક હોળી' પ્રગટાવાઇ



**ઉમરેઠ |** ઉમરેઠના વિવિધ વિસ્તારોમાં પરંપરાગત લાકડાના સ્થાને ગાયના છાણમાંથી બનેલા 'ગોકાષ્ટ'નો ઉપયોગ કરી શ્રદ્ધાપૂર્વક 'વૈદિક હોળી' પ્રગટાવવામાં આવી હતી. આ નવતર પ્રયોગ દ્વારા વૃક્ષો કપાતા અટકાવી પ્રકૃતિનું જતન કરવાની સાથે ગૌસેવા અને ગોપાલકોને આર્થિક ટેકો આપવાનો ઉમદા ઉદ્દેશ્ય રહેલો છે. વૈદિક હોળીમાં ગોકાષ્ટ સાથે હવન સામગ્રી અને ધાન પ્રજ્વલિત કરવાથી વાતાવરણમાં રહેલા રોગજન્ય બેક્ટેરિયા નાશ પામે છે અને હવા શુદ્ધ બને છે. રજની નગર અને ચોક્સી બજાર જેવા વિસ્તારોમાં વર્ષોથી ચાલતી આ પર્યાવરણલક્ષી પરંપરા પ્રત્યે હવે લોકોમાં જાગૃતિ વધતા આવી હોળીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

**CHANGE OF NAME**
My old name was KAMLESHKUMAR RAVJIBHAI PATEL now new name is KAMLESHBHAI RAVJIBHAI PATEL.
Res. 669, Nishalvalo Khancho, Umreth, Ta. Umreth, Dist. Anand.

**નામ બદલેલ છે**
મારું જૂનું નામ કમલેશકુમાર રાવજીભાઈ પટેલ બદલીને નવુ નામ **કમલેશભાઈ રાવજીભાઈ પટેલ** કરેલ છે.
રહે.૬૬૯, નીશાળવાળો ખાંચો, ઉમરેઠ, તા.ઉમરેઠ, જી.આણંદ